**LESHA INDUSTRIES**
**L I M I T E D**

**January 16, 2024**

To,
**Department of Corporate Services**
**BSE Limited**
Ground Floor, P. J. Tower,
Dalal Street, Fort,
Mumbai- 400 001

**Security ID: LESHAIND**
**Security Code: 533602**

**Sub: Copy of Advertisement of Unaudited Financial Results for the Quarter ended on December 31, 2023.**

Dear Sir/Madam,

Please find enclosed herewith copy of Advertisement of Unaudited Financial Results for the Quarter ended on December 31, 2023 as per the Regulation 47(1) (b) and 47(3) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 published in one English daily newspaper and one daily newspaper in the language of the region, where the registered office of the company is situated.

Please take the same on your record.

Thanking You,

Yours faithfully,

**For Lesha Industries Limited**

SHALIN ASHOK SHAH

Digitally signed by SHALIN ASHOK SHAH
DN: c=IN, o=Personal, title=4850, pseudonym=F81FED09DA74CC9600DEC38C34BF5E017B9C9C1A, 2.5.4.20=50f4b20f95340321032f7821224f10f7f7805750dcd79d3257ad89caf15b28e7, postalCode=380007, st=Gujarat, serialNumber=7CF107815DB5DC036105DF6FFCCA6109B6F80CB3E7304782E0C927A67FE56606, cn=SHALIN ASHOK SHAH
Date: 2024.01.16 13:24:46 +05'30'

LESHA INDUSTRIES LIMITED AHMEDABAD

**Shalin A. Shah**
**Director**
**DIN: 00297447**

Encl: As above

7th Floor, Ashoka Chambers,
Mithakhali Six Roads,
Ahmedabad - 380 006.
Phone : +91 - 79 - 26463227
Web: www.lesha.in
E-mail : info@lesha.in
CIN: L27100GJ1992PLC018607

# Vibrant Gujarat: Eight MoUs worth Rs 3,265 crore signed in agro-food processing sector




GANDHINAGAR: As many as eight MoUs were signed in the agro and food processing sector, in the presence of Gujarat's Agriculture Minister Raghavji Patel, on the second day of the ongoing Vibrant Gujarat Global Summit.

Among these MoUs, Asandas and Sons Pvt. Ltd. at Mehsana are planning to invest Rs 1,100 crores, Bhitar Enterprises Pvt. Ltd. is planning a Rs 500 crore investment, Tidy Agroceutical Pvt.

Ltd. intends to invest Rs 400 crores, Grainspan Nutrients Pvt. Ltd. at Ahmedabad plans a Rs 375 crore investment, and Sanstar Ltd at Ahmedabad is set to invest Rs 300 crores in the state. Additionally, J.M. Coconut Products Pvt Ltd is planning a Rs. 300 crore investment, Mac Patel Foods Pvt. Ltd. in Mehsana is planning to invest Rs. 150 crore, and RPA Agriculture Infrastructure and Solutions Pvt. Ltd. is set to invest Rs. 140 crores in Gujarat. The summit has also seen several key announcements in the area of semi-conductor manufacturing. On Wednesday Tata Sons chairman N Chandrasekharan announced a semiconductor fabrication plant in Dholera where negotiations will conclude this year. CEO of Micron Technology Sanjay Mehrotra said that the first phase of the semiconductor assembly and testing facility coming up in Sanand would be operational by early 2025.

Korean tech giant Simmtech also announced plans to establish a cutting-edge semiconductor plant in Sanand, Ahmedabad with an initial investment set at Rs 1,250 crores.

"PM Modi is introducing and leading many industries in India as per the nation's need. The semiconductor industry, one of them, is a foundational industry. This means making semiconductors will lead the way for other creations. The progress and ecosystem of the first plant of semiconductor in Gujarat was discussed and MoUs were signed," says Union Minister AshwVaishaw.

On Wednesday, Prime Minister Narendra Modi inaugurated the 10th edition of Vibrant Gujarat Global Summit 2024 at Mahatma Mandir, Gandhinagar.

The theme of this year's summit is 'Gateway to the Future' and includes the participation of 34 partner countries and 16 partner organizations.

The Summit is also being used as a platform by the Ministry of Development of North-Eastern Region to showcase investment opportunities in the North-Eastern regions.

On the first day, some of the high-value investment proposals included were from Indian companies such as Adani Group, Reliance Industries, Tata Group, and global corporate DP World, among other business conglomerates. Additionally, J.M. Coconut Products Pvt Ltd is planning a Rs. 300 crore investment, Mac Patel Foods Pvt. Ltd. in Mehsana is planning to invest Rs. 150 crore, and RPA Agriculture Infrastructure and Solutions Pvt. Ltd. is set to invest Rs. 140 crores in Gujarat. The summit has also seen several key announcements in the area of semi-conductor manufacturing. On Wednesday Tata Sons chairman N Chandrasekharan announced a semiconductor fabrication plant in Dholera where negotiations will conclude this year.

## Vibrant Gujarat Global summit showcases 'Garvi Gurjari' artisans at Haat Bazaar

AHMEDABAD: The biennial Vibrant Gujarat Global Summit, organized by the state government, uniquely combines art, culture, and e-commerce with industrial development. The 10th edition, held at Mahatma Mandir, aims to create employment opportunities in handloom and handicrafts for artisans. The Government reports that Garvi Gurjari has established a vibrant haat bazaar at the Mahatma Mandir campus, featuring 58 diverse products from 33 districts, including shawls, tie-dye dupattas, sarees, and akik decorations. A notable aspect of this haat bazaar is its exclusive use of UPI payments, eliminating cash transactions. 'Garvi Gurjari' artisans achieved impressive sales, surpassing 73 thousand rupees at the Vibrant Gujarat haat bazaar. 'Garvi Gurjari' Haat supports online transactions, accepting international cards and UPI. The growing convenience and security of online payments demonstrate a successful merger of art and e-commerce, offering an accessible platform for customers.

# Insurer cites 'type of heart attack' to deny claim



SURAT: How does it matter if a person dies of sudden cardiac arrest or myocardial infarction? However, an insurance company can use this technical medical difference to deny the claim to a grieving family. A private insurer, who rejected a claim citing these technicalities, recently got a dressing down from the Bharuch Consumer Commission which directed the company to pay the coverage of a home loan of Rs 12.36 to a woman widowed at 25. According to the case details, Bharuch woman Payal Patel's husband Dipesh died of cardiac arrest on November 27, 2022. He had taken a home loan of Rs 15 lakh from a private bank for 25 years in 2021. He also took a five-year insurance for the loan in March 2021 by paying five years of premium in advance. After his death, Payal filed the claim with the insurance company but it was rejected on April 17, 2023, on the grounds of 'type of heart attack'. The insurance company claimed it was not liable to pay the loan amount as Dipesh did not die of myocardial infarction (first heart attack with specific severity and symptoms)." When Dipesh died, EMIs totaling Rs 12.36 lakh were pending on his loan for which Payal had submitted the claim. Payal then filed a complaint with the Bharuch Consumer Disputes Redression Commission (CDRC) which lambasted the company for citing technical reasons and directed it to pay the pending home loan as per the policy purchased by Dipesh to the bank. The commission also rejected the insurance firm's arguments about MI. There is no such fact mentioned in the policy terms, it said. "Policy has defined accidental death as an accident or accidental means a sudden, unforeseen and involuntary event caused by external, visible and violent means. A private insurer, who rejected a claim citing these technicalities, recently got a dressing down from the Bharuch Consumer Commission which directed the company to pay the coverage of a home loan of Rs 12.36 to a woman widowed at 25. According to the case details, Bharuch woman Payal Patel's husband Dipesh died of cardiac arrest on November 27, 2022.

# Torso of infant recovered

Rajkot: The Morbi police found the torso of an infant about 2-4 hours old near Nazarbaug area on Wednesday. A local informed the police about the body near the garbage. The body was sent to Rajkot for forensic postmortem. J L Zala, police sub-inspector of Morbi B Division police station said, "We are trying to identify the body. We are also searching the other parts of the body in nearby areas.

We hope to get some leads after the forensic PM." It's suspected that the body was dumped in the garbage and dug out by stray dogs.

# Want to put up first 'Bharatiya Antariskha Station' by 2028 using existing launcher capability: Isro chairman Somanath



GANDHINAGAR: India would like to set up the first 'Bharatiya Antariksha Station' or Indian Space Station by 2028 using the existing launcher capability, Indian Space Research Organisation (Isro) chairman S Somanath said here on Thursday. He was speaking at the seminar on International Space Station organised as part of the 10th Vibrant Gujarat Global Summit. "We would like to put the first of the Bharatiya Antriksh Station by 2028 using the existing launcher capability. And we would like to convert it into a laboratory for you to come and do experiments," he said.

"And who are the people who will come and do experiments over a period of time? By 2035, when we have human access, we must have laboratories, institutions, scientific establishments doing research, deriving benefits out of it and economic outcomes," the Isro chief added. After setting it up, Isro would like to find out companies and institutions who will be able to make use of the Bharatiya Antariksha Station and create economic activities out of it, Somanath said, adding it was something he believed was possible. Human access to the moon will also have an economic impact because the strategic activity in the future will not be around earth alone, Somanath asserted. Industries will have to build hundreds of spacecraft over the next 5-10 years for various works on earth that need to be done from space, presenting them with an opportunity to participate in the growth of the sector, he said.

"In the last one year, we have aggregated demands of the country in terms of agriculture, weather forecasting, disaster warning, water resources, cartography, strategic intelligence gathering, supplying to various users, and almost hundreds of spacecraft which have to be built over next 5-10 years of time have been identified," he said. How private players will keep it cost effective is another question which needs to be understood, the Isro chairman pointed out. After setting it up, Isro would like to find out companies and institutions who will be able to make use of the Bharatiya Antariksha Station and create economic activities out of it, Somanath said, adding it was something he believed was possible. Human access to the moon will also have an economic impact because the strategic activity in the future will not be around earth alone, Somanath asserted.

# IFSCA must help country meet net zero targets: FM

AHMEDABAD: India has a funding gap of $10.1 trillion to meet its net zero commitment, and therefore, the International Financial Services Centre Authority (IFSCA) – the unified regulator needs a platform where green credit can be traded, said Union finance minister and minister of corporate affairs, Nirmala Sitharaman. Addressing a seminar on 'GIFT City – an aspiration for modern India', organized as part of VGGS 2024 in Gandhinagar, Sitharaman said that GIFT City has now expanded into becoming a major international financial hub. "There should be a platform for IFSC where green credits can be traded. The authorities here should work on getting a platform ready so that green credits can be sold by people who are planting trees. GIFT City can help bridge the funding gap for India to meet its net zero targets through such a platform," the minister said.

"Miyawaki forests are coming up all over the country. People doing that and other practices in afforestation or activities related to renewable energy, solid waste management, and so on, should be able to come here and say, 'I have credits, which I don't want to sit on, let it be traded'. This place should be where the credits are bought and sold," she added. In 2023, the Union government announced that companies would soon be able to list themselves directly on the IFSC exchanges. At present, Indian companies can only access foreign equity markets through issuing depository receipts or by listing their debt securities on foreign markets. Speaking on the issue, Sitharaman said, "The much-awaited direct listing of stock in GIFT IFSC was announced earlier. We are systematically going through the process, and I am confident it will happen soon. With this, Indian companies should be able to access global funds easily being listed in India."

# 'India set to be world's 3rd largest eco with $5tn GDP'

Gandhinagar: Finance minister Nirmala Sitharaman said on Wednesday that India is poised to become the world's third largest economy, with a GDP of over $5 trillion on the back of a strong foundation laid by Modi government over last nine years, through measures such as direct benefit transfer, financial inclusion and digital payments.

At the Vibrant Gujarat Summit, the minister also said during the current government's two terms, a spirit of partnership had developed between the Centre and states, reversing the earlier "default setting" of "give for the union and take for states".

"From 2014, the Planning Commission has been revamped and the NITI Aayog, which is more driven towards policymaking and guidance. It is a partnership with the states — a partnership so that states also aspire and their aspirations find (space) in the scheme of things of the Centre. It is also about working together with the states for strengths that they have and to make sure that through programmes such as aspirational districts, you leverage the partnership of states and strengthen challenges to turn them into strengths of the states," she said.

With a GDP of roughly $3.4 trillion, India is currently the fifth-largest economy in the world, after the US, China, Japan and Germany. The FM said that India is on course to achieve a GDP of $30 trillion by 2047, while making it inclusive for citizens.

Sitharaman said India is on track to become an in-house producer of semiconductors and EV adoption is happening in a big way and argued that India had been a large recipient of foreign direct investment (FDI) in recent years. Between April 2000 and March 2023, India attracted $919 billion FDI, of which 65%, or $595 billion, came during the last eight-nine years, she said.

"FDI is coming in, it is like water, it flows to the lower ebb, where policy brings in greater certainty, convenience, ease of doing business. Of course disruptions of higher US Fed rate and other things can divert it elsewhere, but despite that we have been getting a flow of FDI. It is not only coming for manufacturing but also for the service sector," she said. Mukesh Ambani, Chairman and Managing Director of Reliance Industries, praised Prime Minister Narendra Modi's leadership at the Vibrant Gujarat Global Summit 2024. He expressed confidence that India would become a 35 Trillion Dollar economy by 2047. Reliance Industries will play a significant role in Gujarat's growth story with investments in renewable energy and 5G infrastructure. The company also aims to improve education, sports, and skills infrastructure in preparation for India's bid for the 2036 Olympics. Bihar government announces subsidies for IT, ITES, and ESDM sectors. The new IT policy offers capital subsidy, interest subvention, rental subsidy, power tariff subsidy, and employment generation subsidy. Additional incentives are provided for inclusive growth and for establishing units outside Patna and Danapur municipal areas. The government aims to attract top-tier technology companies by offering these incentives and creating specialized teams for efficient clearance of IT projects.

## Body of 40-year-old man found near govt colony in Vastrapur

Ahmedabad: Vastrapur police have found the body of an unidentified 40-year-old man in the open plot near the Vastrapur Government Officers' Colony.

Vastrapur police registered a case of accidental death but did not rule out the possibility of murder.

Investigators said that on Wednesday morning they received a call saying someone had died.

They then rushed to the spot and looked for clues but could not find any clue to the identity of the deceased person till late on Wednesday night.

Investigators said, prima facie, there seem to be injury marks on the body, which has been sent for a postmortem. They added that the man seems to have been a labourer.

Investigators said they will register a case for murder if the autopsy suggests homicide.

Members of Sullia Autorickshaw Drivers Association filed a complaint after a banner wishing successful consecration of Ram Lalla in the newly built temple in Ayodhya was found damaged.

CCTV footage revealed an unknown person, suspected to be mentally ill, damaging the banner and chanting Rama Japa in Sullia town. The investigation is ongoing.

## We are safe: Nithyananda's devotees tell high court

Ahmedabad: After more than four years of court proceedings on their father's plea for their custody, the two devotees of Nithyananda addressed the Gujarat high court on Wednesday through video conferencing and said that they are safe and love their life 'in Kailasa'.

The devotee sisters had sneaked out of India through Nepal and gone to Jamaica in 2019, after their father made accusations of child exploitation at Nithyananda's hostel on the campus of the DPS (East) school here. The school's trustees, principal and two hostel wardens are facing criminal charges as well.

The devotees' father filed a habeas corpus petition alleging that his daughters were in illegal detention and under threat in Nithyananda's custody, as they were flatly refusing to return to India out of fear of their father. The HC repeatedly asked the sisters to appear before the court through video conferencing so that it could ascertain their free will. The HC even asked them to address the court online from the Indian embassy, but they never appeared before the court.

Finally, when the sisters addressed the court online, the bench of Justice A Y Kogje and Justice R M Sareen spoke to them for nearly half an hour and at the final stage, lawyers were allowed to join in. In the lawyers' presence, the judges asked the sisters about their condition and wish and both told the court that they are safe and happy. They made it clear that they love their life 'in Kailasa' and are not living there under any pressure or threat, said advocate Pritesh Shah, who represents the father. The sisters of Sharad Kalaskar and Sachin Andure, alleged shooters in the Narendra Dabholkar murder case.

# World looks at India as trusted friend, pillar of stability & growth engine: PM Narendra Modi

GANDHINAGAR: Making an impassioned pitch for India as the most-favoured investment destination, Prime Minister Narendra Modi on Wednesday said that the country, which displayed remarkable resilience in the face of prevailing global uncertainties, has provided hope to the world that is now looking at India as a trusted friend, a pillar of stability and a global growth engine.

Modi inaugurated the 10th Vibrant Gujarat Global Summit 2024, the biennial investment and business networking event in Gandhinagar's Mahatma Mandir, where business conglomerates unveiled massive spending plans in the state with green energy and semiconductors accounting for a major chunk of project commitments. The event themed 'Gateway to Future', which has earned the moniker of 'Davos of the East,' was graced by UAE President Sheikh Mohamed bin Zayed Al Nahyan as the chief guest.

"The UAE firmly believes in the power of building bridges of cooperation to promote economic growth, and fostering international collaboration to address global challenges and help achieve stability and prosperity for all," he said. Listing out his government's achievements that have improved India's global economic dominance, the PM also 'guaranteed' to chart the country into the world's top three economies in the next few years. "Several rating agencies have predicted that India will be among the top three economies of the world.


**LESHA INDUSTRIES LIMITED**

Registered Office. 7th Floor, Ashoka Chambers,Mithakhali Six Road , Ahmedabad 380 006.
CIN :L27100GJ1992PLC018607

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED DECEMBER 31, 2023**

(Rs. In Lakhs)

| PARTICULARS | Quarter ending | Previous Quarter ending | Corresponding 3 months ended in the previous year | Year to date |
|---|---|---|---|---|
| | 31-12-2023 | 30-09-2023 | 31-12-2022 | 31-12-2023 |
| | Unaudited | Unaudited | Unaudited | Unaudited |
| Total income from operations | 218.86 | 17.34 | 146.26 | 941.21 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 34.03 | 2.42 | 2.09 | 673.16 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 34.03 | 2.42 | 2.09 | 673.16 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 33.87 | 2.42 | 1.93 | 669.33 |
| Total Comprehensive Income for the period [Comprising profit / (Loss) for the period (after tax) and other comprehensive income (after tax)] | 33.87 | 2.42 | 1.93 | 669.33 |
| Equity Share Capital | 1100.00 | 1100.00 | 1100.00 | 1100.00 |
| Other Equity | | | | |
| **Earnings Per Share (before extraordinary items) (of Re.1/- each) (not annualised)** | | | | |
| Basic : | 0.031 | 0.002 | 0.002 | 0.61 |
| Diluted: | 0.031 | 0.002 | 0.002 | 0.61 |
| **Earnings Per Share (after extraordinary items) (of Re.1/- each) (not annualised)** | | | | |
| Basic : | 0.031 | 0.002 | 0.002 | 0.61 |
| Diluted : | 0.031 | 0.002 | 0.002 | 0.61 |

Notes:
The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange website (www. bseindia.com) and the company's website (www.lesha.in)

For, LESHA INDUSTRIES LIMITED
SD/-
Shalin A. Shah
Director
DIN: 00297447

Date : 13/01/2024
Place : Ahmedabad

# ગુજરાત સાથે મળીને આ મહત્ત્વના પ્રોજેક્ટને આગળ વધારશે UAE



ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત યુ.એ.ઈ.ના વિદેશ વ્યાપાર રાજ્ય મંત્રી ડૉ. થાની બિન અહેમદ અલ ઝૈઉદી સાથે મુલાકાત બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ ગુજરાત અને યુએઈના પરસ્પર સહયોગ અંગે ચર્ચા દરમિયાન ગ્રીન હાઈડ્રોજન ટેકનોલૉજી અને ડિસેલિનેશન પ્લાન્ટ માટે પણ યુએઈ-ગુજરાત સાથે મળીને આગળ વધી શકે તેમ છે તેમ જણાવ્યું હતું. યુ.એ.ઈ. ૨૦૧૭થી વાઈબ્રન્ટ સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાય છે અને યુએઈના રોકાણકારોના ગુજરાતમાં રોકાણની સંભાવના ઉત્તરોત્તર વધતી રહી છે એમ યુત થાની બિન અહેમદે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વાઈબ્રન્ટ સમિટથી સૌને વિકાસવાની તક આપી છે અને એક ભારત- શ્રેષ્ઠ ભારત સાકાર થયું છે. યુએઈના ઉદ્યોગ રોકાણકારોને પણ સાથે મળીને વિકાસમાં ભાગીદાર થવા ઈજન આપ્યુ હતુ. ગુજરાતના ગિફ્ટ સિટી, ધોલેરા સર, ડાયમંડ બુર્સ જેવા પ્રકલ્પો ઉપરાંત રિન્યૂએબલ એનર્જી ગ્રીન હાઈડ્રોજન વગેરેમાં પણ મીનીંગફુલ પાર્ટનરશીપ થઈ શકે તેમ છે એવું આ બેઠકની ચર્ચા દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

સાઉદી અરેબિયાના મંત્રી સાથે આવેલા બિઝનેસ ડેલીગેશનના સભ્યોએ ગુજરાતમાં તેમના ઉદ્યોગોને જે સહયોગ મળ્યો છે તે માટે રાજ્ય સરકારના પ્રો-એક્ટિવ અપ્રોચની સરાહના કરી હતી. મુખ્યમંત્રીએ યુએઈના વિદેશ વ્યાપાર મંત્રીને ગુજરાતની ફરીવાર વિસ્તૃત મુલાકાતે આવવાનું આમંત્રણ આપતા કહ્યું કે, રાજ્યના ટુરિઝમ સેક્ટરને પણ તમે સૌ નિહાળો તેવી અમારી અપેક્ષા છે. સાઉદી અરેબિયાના મંત્રીએ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને યુએઈના પ્રવાસે આવવા નિમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રીએ આ મુલાકાત બેઠક દરમિયાન જણાવ્યું હતું કે, યુએઈની કંપનીઓ માટે રેલવે, રોડ-રસ્તાઓ, પોર્ટ્સ અને શિપિંગ જેવા ક્ષેત્રોમાં વિશાળ તકો રહેલી છે. ગિફ્ટ સિટીમાં રોકાણની શક્યતાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક દરમિયાન ગુજરાતને ંછઈ અને ભારત તેમજ ગુજરાત વચ્ચે મિત્રતાના મજબૂત બોન્ડીંગનો લાભ મળશે તેમજ દ્વિપક્ષીય સંબંધને વધુ ગાઢ બનાવવા અંગે પણ ચર્ચા થઈ હતી. આ સૌજન્ય બેઠકમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ હૈદર તેમજ વરિષ્ઠ અધિકારીઓ જોડાયાં હતાં.

## સાયકલ લઈને ચાર યુવાનો વડોદરાથી અયોધ્યા જવા નિકળ્યા, ૧૨૩૭ કિ.મી.નું કાપશે અંતર




વડોદરા : અયોધ્યા જન્મભૂમિ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ વડોદરામાં ભક્તિનો માહોલ જામી રહ્યો છે. સંગઠનો અને સંસ્થાઓ અલગ અલગ કાર્યક્રમોની જાહેરાત કરી રહી છે. ભક્તો ભલે તા.૨૨ જાન્યુઆરીએ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી નહી આપી શકે પરંતુ અહી વડોદરામાં રહીને ઉત્સવોની ઉજવણી કરીને રામભક્તિમાં લીન થશે.

વડોદરામાં સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ ભારતીય જનતા યુવા મોરચા અને સનાતની રામ સેના દ્વારા તા.૨૨મી જાન્યુઆરી સોમવારે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. આ રેલી હરણી ભીડ ભંજન મંદિરથી રવાના થશે અને શહેરની વિવિધ વિસ્તારોમાં ફરીને કાલાઘોડા સર્કલ પર આવેલા રામજી મંદિર ખાતે સમાપન થશે. આ રેલીમાં સેંકડોની સંખ્યામાં રામભક્ત યુવાનો જોડાવાના છે.

શહેરના સોમા તળાવ વિસ્તારમાં આવેલી હનુમાન ટેકરી પાસે રહેતા ચાર યુવાનો સાયકલ લઈને અયોધ્યા પહોંચશે. આ યુવાનોની સાયકલ યાત્રાનો આજે વડોદરાથી પ્રારંભ થયો હતો. તેઓ સાયકલ પર ૧,૨૩૭ કિ.મી.નું અંતર કાપીને ૧૨ થી ૧૪ દિવસમાં અયોધ્યા પહોંચશે. જો કે તા.૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્વ વખતે અયોધ્યામાં આમંત્રીતો સિવાય અન્ય કોઈની એન્ટ્રી પર પ્રતિબંધ હોવાથી શક્ય છે આ યુવાનોને તા.૨૩ જાન્યુઆરી પછી ભગવાન શ્રી રામના દર્શન કરવાનો મોકો મળે.

## આઈઆઈએમ અમદાવાદનું સેન્ટર શરૂ થશે', UAEના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનની જાહેરાત



અમદાવાદ, હાલમાં યુએઈના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન વાઈબ્રન્ટ ગ્લોબલ સુમિતમાં મુખ્ય મહેમાન તરીકે આવ્યા છે ત્યારે આઈઆઈએમ અમદાવાદ દ્વારા પોતાની એક શાખા દુબઈ ખાતે શરુ કરવાની જાહેરાત કરી છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આઈઆઈએમ અમદાવાદ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે દુબઈમાં આઈઆઈએમ અમદાવાદનું જે કેન્દ્ર બનશે તે ખાસ એક્ઝિક્યૂટિવ પ્રોગ્રામ માટે રહેશે.

જો કે અગાઉ ૨૦૧૯માં આઈઆઈએમ દ્વારા પહેલી ઓવરસીઝ બ્રાંચ દુબઈ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર (ૈંઙ્મઝ્ર) ખાસ એક્ઝૂક્યૂટિવ પ્રોગ્રામને ધ્યાનમાં લઈને બનાવવામાં આવી હતી જે હવે એપ્રિલથી કસ્ટમાઈઝ પ્રોગ્રામ તૈયાર કરશે.

આ સંસ્થા દ્વારા મિડલ ઈસ્ટના અન્ય દેશો સાથે પણ જોડાણ કરવામાં આવશે. ઈન્ડસ્ટ્રીઝમાં ખાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હોસ્પિટાલિટીની માંગને કારણે એપ્રિલ ૨૦૨૪માં આઈઆઈએમ દ્વારા એક્ઝૂક્ટૂટિવ એજ્યૂકેશન પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે.

હાલમાં તેના અભ્યાસક્રમ વિશેની વાત કરવી અસ્થાને છે એવું જણાવતાં આઈઆઈએમના એક્ઝૂક્યૂટિવ ઉર્વશી શર્માએ કહ્યું હતું કે 'અમે વિવિધ ૧૦૦ પ્રકારના પ્રોગ્રામ લોંચ કરવા જઈ રહ્યા છીએ જેમાં ત્રણ દિવસથી લઈને છ મહિનાના પ્રોગ્રામ રહેશે. હાલમાં દુબઈની બ્રાંચ આઈઆઈએમ-અમદાવાદના નામથી જ ચાલી રહી છે અને તેમાં નોલેજ એન્ડ હુમન ડેવલપમેન્ટ ઓથોરિટી અંતર્ગત તાલીમ આપવામાં આવી રહી છે. જેમાં છ મહિનાનો જનરલ મેનેજમેન્ટનો પ્રોગ્રામ ચલાવવામાં આવે છે જેની ફી ૪૨૦૦૦ આરબ એમિરાટ્સ દિનાર છે જે અંદાજે રૂ.૯.૫ લાખ કહી શકાય. યુએઈના ડેલિગેટ્સ દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ અર્થે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પ્લોટ લેવાનો રસ દાખવ્યો છે.'

જેમાં સોભા ઓમાની મલ્ટીનેશનલ રિઅલ એસ્ટેટ કંપનીએ સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદના સીએસઆરમાં રસ લઈને તેમાં ડેવલપમેન્ટ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ ઉપરાંત લુલુ ગ્રૂપેના ડેલિગેશને પણ ગયા અઠવાડિયે આ જગ્યાની મુલાકાત લીધી હતી. આ સિવાય યુએઈના ઈમાર ગ્રૂપ અને દમાક કંપની દ્વારા વિવિધ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી રિવરફ્રંટના ફેઝ-ટુમા વિકાસશીલ વિચારણા કરી રહ્યા છે. હાલમાં દુબઈમાં ચાલતા આઈઆઈએમ-અમદાવાદના સેન્ટરમાં ૧૫૦ જેટલા સભ્યો જીએમપી પ્રોગ્રામ અંતર્ગત જોડાયા છે.

## અમદાવાદના પોળના ધાબાનું ભાડું કોઈ મલ્ટીનેશનલ કંપનીના મેનેજરના પગાર જેટલું થયુ

અમદાવાદ : ઉત્તરાયણ પહેલાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તેમાં પણ અમદાવાદીઓની ઉત્તરાયણ ટોપ પર હોય છે. અહી તો દુનિયામાં ક્યાંય ન હોય તેવો ટ્રેન્ડ જોવા મળે છે. કોઈ રિસોર્ટ ભાડે લે, કોઈ પાર્ટી પ્લોટ ભાડે લે, તો કોઈ ગાડી ભાડે લે. પરંતુ અમદાવાદમાં કોટ વિસ્તારમાં ધાભા ભાડે આપવાનો ટ્રેન્ડ છે. આવો અનોખો ટ્રેન્ડ દુનિયામાં ક્યાંય નથી કે, કોઈની અગાશી ભાડે લેવાતી હોય. ઉત્તરાયણની માત્ર બે દિવસની મજા માણવા માટે અમદાવાદના પોળ વિસ્તારના ધાબા ભાડે આપવા અને લેવામાં છે. અહી ધાબા ભાડે લેનારો વર્ગ મોટો છે, પરંતુ આપનારો વર્ગ ઓછો છે. કારણ કે, અગાશીઓ ઓછી છે. આ કારણે અહી દર વર્ષે ઉત્તરાયણ પર ધાબાનુ સતત વધતુ જાય છે. આ વર્ષે તો એકદમ તોતિંગ ભાવમાં પહોંચી ગયું છે. ઉત્તરાયણમાં અમદાવાદની પોળોના ધાબાઓનો ભાવ આ વર્ષે ઉંચકાયો છે. એક જ દિવસનું ભાડું ૭૫ હજાર સુધી પહોંચ્યું છે.

અમદાવાદના કોટ વિસ્તારમાં ધાભા ભાડે આપવાનો ટ્રેન્ડ

અમદાવાદના રાયપુર, ખાડિયા અને ઢાળની પોળમાં ધાભા ભાડે આપવાનો ટ્રેન્ડ વર્ષોથી છે. અહી એક દિવસનું ભાડુ ૨૦ થી ૪૫ હજાર સુધી છે. એટલે કે, બે દિવસનું ગણો એટલે સ્વભાવિક રીતે જ ૭૦ થી ૮૦ હજાર થઈ જાય. દેશ વિદેશથી અમદાવાદમાં ઉત્તરાયણ ઉજવવા આવતા લોકોમાં ધાભા ભાડે રાખવાનો ક્રેઝ છે. દર વર્ષે ઉતરાયણે કોટ વિસ્તારમાં ૨ હજારથી વધુ ધાભા ભાડે આપાય છે. ઉત્તરાયણ પહેલા પોળમાં ધાબાનું એડવાન્સ બુકીંગ થઈ જાય છે. તેમજ ધાબા ઉપર ખુરશી, છત્રી, પાણી અને ગાદલાની સુવિધા ઉભી કરવામાં આવે છે. ધાબા પર જેવી સુવિધા, તેવું ભાડું.

## માતાએ તેના જ પુત્રની હત્યા કરીને બેગમાં ભરી ભાગી ગઈ, પોલીસ હત્યા પાછળનું કારણ શોધી શકી નથી

બેંગલુરુની ૩૯ વર્ષીય સ્ટાર્ટઅપની સ્થાપક અને સીઈઓની તેના પુત્રની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. આરોપી સુચના સેઠે સોમવારે ઉત્તર ગોવાના કેન્ડોલિમ સ્થિત સર્વિસ એપાર્ટમેન્ટમાં તેના ચાર વર્ષના પુત્રની હત્યા કરી નાખી હતી. આ પછી, તે તેના પુત્રનો મૃતદેહ એક બેગમાં રાખી અને ભાડાની ટેક્સીમાં કર્ણાટક ભાગી ગઈ. આ ચોંકાવનારો ગુનો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે હાઉસકીપિંગ સ્ટાફના એક સભ્યને એપાર્ટમેન્ટની સફાઈ કરતી વખતે લોહીના ડાઘ મળ્યા જ્યાંથી સુચના સેઠે સોમવારે સવારે ચેક આઉટ કર્યું હતું. પોલીસ હજુ સુધી હત્યા પાછળનું કોઈ કારણ શોધી શકી નથી.. ગોવા પોલીસની માહિતીના આધારે, તેને કર્ણાટકના ચિત્રદુર્ગ જિલ્લાના આઈમંગલા પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં લેવામાં આવી હતી. સુચના સેઠને કસ્ટડીમાં લેવા અને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર ગોવા લાવવામાં આવશે. શનિવારે કેન્ડોલિમમાં હોટેલ સોલ બનિયાન ગ્રાન્ડેના રૂમ નંબર ૪૦૪માં તપાસ કરતી વખતે સુચનાએ બેંગલુરુનું સરનામું આપ્યું હતું, હોટેલ સ્ટાફે પોલીસને જણાવ્યું હતું કે જ્યારે સુચના સેઠ બેંગલુરુ પરત ફરવા માટે ટેક્સી બોલાવી, ત્યારે તેમને સલાહ આપવામાં આવી હતી કે પાછા ફરવાની ફ્લાઈટ સસ્તી અને વધુ સુવિધાજનક હશે. જ્યારે ટેક્સીમાં મુસાફરીનો આગ્રહ કર્યો ત્યારે હોટેલે સ્થાનિક ટેક્સીની વ્યવસ્થા કરી.. નોર્થ ગોવાના એસપી નિધિન વલસને જણાવ્યું કે સવારે ૧૧ વાગ્યાની આસપાસ લોહીના ડાઘની માહિતી મળ્યા બાદ પોલીસની એક ટીમ હોટલ પહોંચી અને સીસીટીવી ફૂટેજ સ્કેન કર્યું, જેમાં સુચના તેના પુત્ર વિના સર્વિસ એપાર્ટમેન્ટમાંથી બહાર આવતી જોવા મળી રહી છે.

## અમદાવાદ શહેરમાં દરરોજ બે લોકોને ભરખી જાય છે ટીબી

અમદાવાદ, લગભગ બે વર્ષ સુધી બધુ શાંત રહ્યા બાદ કેટલાક દિવસોથી કોરોનાની મહામારી ફરી વખત ચર્ચામાં આવી છે. જેને લઈને લોકોમાં છૂપો ભય પેદા થઈ રહ્યો છે. પરંતુ કોરોના તો ફક્ત નામથી જ બદનામ છે. કારણ કે છેલ્લા બે વર્ષમાં કોરોનાના કારણે આંગળીના વેઢે ગણી શકાય એટલા મોત માંડ થયા હશે. તેની સામે વર્ષ ૨૦૨૩માં અમદાવાદ શહેરમાં ટીબીના કારણે ૬૮૭ લોકોના મોત થઈ ચૂક્યા છે.

કોરોના સિવાય કેન્સર, હૃદયરોગ અને ટીબીના કારણે દરવર્ષે હજારો લોકોના મોત અમદાવાદ શહેરમાં થાય છે. જેમાં ટીબી અંગેના બહાર આવતા આંકડા અનુસાર ગત એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ટીબીના ૧૬,૫૨૩ નવા દર્દીઓ ઉમેરાયા છે. જે પૈકી ૬૮૭ લોકોના મોત થયા હોવાનું નોંધાયું છે. એટલે કે દર મહિને સરેરાશ ૬૦ અને દરરોજ બે લોકોના ટીબીના કારણે મોત થઈ રહ્યા છે. આ બાબત ગંભીર અને ચિંતાનો વિષય છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા રખિયાલ, બહેરામપુરા અને અસારવા ટીબી માટે હોટસ્પોટ સમાન છે. આ ત્રણેય વિસ્તારમાં એક વર્ષમાં એક હજારથી વધુ દર્દી નવા નોંધાયા છે. એટલે કે દરરોજ ત્રણ દર્દીઓ આ વિસ્તારમાંથી નવા બહાર આવે છે.

## ગ્રંથપાલે રજૂ કર્યુ ડ્રાફટ બજેટ મા.જે.પુસ્તકાલયનું ૧૭.૩૯ કરોડનુ બજેટ, શહેરને૬ નવા વાંચનાલય મળ્યા



અમદાવાદ મ્યુનિ.સંચાલિત મા.જે.પુસ્તકાલયના ગ્રંથપાલ દ્વારા વર્ષ-૨૦૨૪-૨૫ માટે રુપિયા ૧૭.૩૯ કરોડનું ડ્રાફટ બજેટ રજુ કર્યુ હતુ.શહેરમાં નવા ૬ વાંચનાલય શરુ કરવામાં આવ્યા છે.પુસ્તકાલયના ડીજીટલ કન્ટેઈનમાં વધારા કરવા ઉપર ભાર મુકવામાં આવશે.

મા.જે.પુસ્તકાલય ની મળેલી બેઠકમાં મેયર પ્રતિભા જૈનની અધ્યક્ષતામાં વર્ષ-૨૦૨૪-૨૫ માટેનુ ડ્રાફટ બજેટ રજુ કરાયુ હતુ.જમાં શાસકપક્ષ આગામી દિવસોમાં સુધારા રજુ કરશે.હાલમાં પુસ્તકાલયનુ ૫૫ હજાર જેટલુ કન્ટેઈન ઓનલાઈન છે.જેમાં આગામી વર્ષમાં દસ હજાર કન્ટેઈનનો ઉમેરો કરાશે.અલભ્ય પુસ્તકોના ડીજીટાઈઝેશન માટે રુપિયા ૧૫ લાખની ફાળવણી કરાઈ છે.વિવિધ રચનાત્મક,સાહિત્યને લગતી પ્રવૃત્તિઓ માટે રુપિયા ૧.૭૩ કરોડની ફાળવણી કરવામા આવી છે.આ વર્ષે નારોલ-લાંભા ઉપરાંત ધોડાસર,શાસ્ત્રીનગર તેમજ નારણપુરા અને પ્રહલાદનગર જેવા વિસ્તારોમાં આધુનિક સુવિધા સાથેના પુસ્તકાલયોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ છે.મા.જે.પુસ્તકાલયમાં ૧૮૦૦ નવા સભાસદોનો વધારો નોંધાયો છે.વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમા સ્વમૂલ્યાંકન કરી શકે એ માટે વિવિધ પ્રકારના મોડયૂલ ઉપલબ્ધ કરાવવા રુપિયા ૨૦ લાખની ફાળવણી કરવામાં આવી છે.

૧૭ જાન્યુઆરીએ મ્યુ .સ્કૂલબોર્ડનુ ડ્રાફટ બજેટ રજુ કરાશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના મ્યુનિસિપલ સ્કૂલબોર્ડનુ ડ્રાફટ બજેટ ૧૭ જાન્યુઆરીએ શાસનાધિકારી દ્વારા રજુ કરવામાં આવશે.વર્ષ-૨૦૨૪-૨૫નુ મ્યુનિ.સ્કૂલબોર્ડનુ ડ્રાફટ બજેટ રુપિયા એક હજાર કરોડની આસપાસ રહેવાની સંભાવના હોવાનુ આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

## બંધ વીમા પોલીસી ચાલુ કરાવવાના નામે યુવતીએ ૬૪ હજાર ખંખેરી લીધા

સુરતમાંથી નકલી કંપની દ્વારા ફરી એકવાર એક વેપારી સાથે છેતરપિંડી થયાની ફરિયાદ સામે આવી છે. એક યુવતીએ ખુદને વીમા પૉલીસી કંપનીની કર્મચારી હોવાની ઓળખ આપીને એક વેપારી પાસેથી ૬૪ હજાર ખંખેરી લીધા હતા, ખરેખરમાં, નકલી વીમા કંપનીએ વેપારીને તેમની જુની બંધ પડેલી પોલીસીને ફરી ચાલુ કરવા માટે લાલચ આપી હતી, જે પછી વેપારી પાસે ઠગાઇ થઇ હતી. આ ઘટના સુરત શહેરના સારોલી મૉડલ ટાઉન રેસિડેન્સીમાં ઘટી છે. સુરતમાં દિવસ દિવસે નકલીનો ધંધો ધોમધખી રહ્યો છે, હવે વધુ એક નકલી વીમા કંપની સામે ફરિયાદ નોંધાઇ છે. ખરેખરમાં વાત એમ છે કે, શહેરના સારોલી વિસ્તારમાં રહેતા એક કાપડના વેપારી સાથે છેતરપિંડી થઇ છે. સુરતના સારોલીના મૉડલ ટાઉન રેસિડેન્સીમાં રહેતા કાપડ દલાલ નિરંજન શર્મા સાથે ૬૪ હજારની છેતરપિંડી થયાની ઘટના ઘટી છે. કાપડ વેપારી નિરંજન શર્માને ૧લી ડિસેમ્બરે એક છોકરીને ફોન આવ્યો હતો, તે છોકરીએ પોતાની ઓળખ એક્સાઇડ લાઇફ ઇન્શ્યૉરન્સ લિમીટેડ કંપનીમાંથી કર્મચારી નેહાબેન હોવાની આપી હતી. નેહાબેન નામની નકલી યુવતીએ ૫૩ વર્ષીય કાપડ વેપારી નિરંજન શર્માને તેમની બંધ પડેલી પોલીસેને પુનઃ ચાલુ કરવા માટે સમજાવ્યા હતા, નેહા બેને નિરંજન શર્માને ૩૦ હજારમાં ૮૦ હજારની લાલચ આપી હતી, અને બાદમાં તેમની પાસેથી બંધ પૉલીસી ચાલુ કરવાના નામે ૬૪ હજાર ખંખેરી લીધા હતા. ખાસ વાત છે કે, નકલી કંપની દ્વારા ફ્રૉડ કરવામાં આવ્યું તે પહેલા યુવતીએ પોતાને એક્સાઇડ લાઇફ ઇન્શ્યૉરન્સ લિમીટેડ કંપનીની કર્મચારી નેહાબેન બતાવી હતી, સાથે સાથે તેમના સીનિયર ઓફિસર તરીકે રાહુલ અગ્રવાલ અને મેનેજર તરીકે માહી સિંગની પણ ઓળખ આપી હતી. છેતરપિંડીની ઘટના બાદ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

## રામ મંદિર મુદ્દે ગુજરાત કોંગ્રેસમાં બે ફાડિયા, શરૂ થઈ અંદરો-અંદર 'રામાયાણ'!

અમદાવાદ : અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવાનો છે. સંતો-મહંતો અને દેશભરના રાજનેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. પરંતુ કેટલીક રાજકીય પાર્ટીઓએ પોતાના મતો બચાવવા માટે આમંત્રણનો સ્વીકાર કર્યો નથી. જેમાં કોંગ્રેસ પાર્ટીએ પણ એક છે. કોંગ્રેસ ૨૨ જાન્યુઆરીએ અયોધ્યા આવવાનો ઈક્કાર કરી દીધો છે. જેના કારણે કોંગ્રેસના જ કેટલાક નેતાઓ નારાજ જોવા મળી રહ્યા છે. ગુજરાત કોંગ્રેસમાં કકડાટ શરૂ થઈ ગયો છે.

રામ મંદિરની પ્રતિષ્ઠાનું આમંત્રણ કોંગ્રેસ અધ્યક્ષ ખડગે અને પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને અપાયું હતું પરંતુ કોંગ્રેસ આમંત્રણનો સ્વીકાર ન કર્યો. અને ૨૨ જાન્યુઆરીએ અયોધ્યા નહીં જવાનું સ્ટેટમેન્ટ બહાર પાડ્યું. જેના કારણે ગુજરાત કોંગ્રેસના જ અનેક નેતાઓ નારાજ જોવા મળી રહ્યા છે. સૌથી પહેલા વિરોધની શરૂઆત ધારાસભ્ય અર્જૂન મોઢવાડિયાએ કરી. મોઢવાડિયાએ કહ્યું કે, ભગવાન શ્રી રામ આરાધ્ય દેવ છે. આ દેશવાસીઓની શ્રદ્ધા અને વિશ્વાસની વાત છે.

કોંગ્રેસે આવા રાજકીય નિર્ણયો લેવાથી દૂર રહેવું જોઈતું હતું. તો કોંગ્રેસ નેતા અંબરીશ ડેરે કહ્યું કે, મર્યાદા પુરષોત્તમ ભગવાન રામ આપણા આરાધ્ય દેવ છે. ભારતભરના અસંખ્ય લોકોની શ્રદ્ધા નવનિર્મિત મંદિર પ્રત્યે વર્ષોથી જોડાયેલી હોય તે સ્વભાવિક છે. રાષ્ટ્રીય કોંગસના કેટલાક લોકોએ તે ચોક્કસ પ્રકારના નિવેદનથી અંતર જાળવવું જોઈએ અને સાર્વજનિક ભાવનાઓને દિલથી માન આપવું જોઈએ. આવા નિવેદનથી મારા જેવા ગુજરાત કોંગ્રેસના અનેક કાર્યકરો નારાજ છે. અર્જૂન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ભગવાન શ્રી રામ આરાધ્ય દેવ છે. આ દેશવાસીઓની શ્રદ્ધા અને વિશ્વાસની વાત છે. કોંગ્રેસે આવા રાજકીય નિર્ણયો લેવાથી દૂર રહેવું જોઈતું હતું.


**LESHA INDUSTRIES LIMITED**

Registered Office. 7th Floor, Ashoka Chambers,Mithakhali Six Road , Ahmedabad 380 006.
CIN :L27100GJ1992PLC018607

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED DECEMBER 31, 2023**

(Rs. In Lakhs)

| PARTICULARS | Quarter ending | Previous Quarter ending | Corresponding 3 months ended in the previous year | Year to date |
|---|---|---|---|---|
| | 31-12-2023 | 30-09-2023 | 31-12-2022 | 31-12-2023 |
| | Unaudited | Unaudited | Unaudited | Unaudited |
| Total income from operations | 218.86 | 17.34 | 146.26 | 941.21 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 34.03 | 2.42 | 2.09 | 673.16 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 34.03 | 2.42 | 2.09 | 673.16 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 33.87 | 2.42 | 1.93 | 669.33 |
| Total Comprehensive Income for the period [Comprising profit / (Loss) for the period (after tax) and other comprehensive income (after tax)] | 33.87 | 2.42 | 1.93 | 669.33 |
| Equity Share Capital | 1100.00 | 1100.00 | 1100.00 | 1100.00 |
| Other Equity | | | | |
| Earnings Per Share (before extraordinary items) (of Re.1/- each) (not annualised) | | | | |
| Basic : | 0.031 | 0.002 | 0.002 | 0.61 |
| Diluted: | 0.031 | 0.002 | 0.002 | 0.61 |
| Earnings Per Share (after extraordinary items) (of Re.1/- each) (not annualised) | | | | |
| Basic : | 0.031 | 0.002 | 0.002 | 0.61 |
| Diluted : | 0.031 | 0.002 | 0.002 | 0.61 |

Notes:
The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange website (www. bseindia.com) and the company's website (www.lesha.in)

For, LESHA INDUSTRIES LIMITED
SD/-
Shalin A. Shah
Director
DIN: 00297447

Date : 13/01/2024
Place : Ahmedabad


## હેરિટેજ અમદાવાદમાં પીવાના પાણી માટે વર્ષે રૂ.૫૫ કરોડ ચૂકવતા કોટના લોકો !

અમદાવાદ, ભૂતકાળમાં લોકો કુવામાંથી પાણી ભરવા બેડાં લઈને ગામના પાદરે જતા હતા. વર્તમાનમાં એ બેડાં પાણીના કેરબાના રૂપમાં ઘરે આવી જાય છે. માત્ર સ્વરૂપ બદલાયું છે, પરંતુ સ્માર્ટ સિટીમાં પાણીની સમસ્યા ઠેરની ઠેર છે. અમદાવાદની ઓળખ એવા કોટ વિસ્તારમાં નળમાંથી જળ તો આવે છે, પણ તે પીવા લાયક હોતું નથી. મ્યુનિ. દ્વારા દૂષિત પાણીનું વિતરણ કરાતા છેલ્લાં સાતેક વર્ષમાં વધારે પૈસા ખર્ચ કરીને પીવાના પાણીના કેરબા મંગાવતા ઘરો દોઢથી બે ગણાં વધી ગયા છે.

શાહીબાગ, માધુપુરા, કાલુપુર, રતનપોળ સહિતના વિસ્તારોમાં ૫૦ ટકાથી વધુ ઘરોને દર મહિને વધારાના એક હજાર રૂપિયા ખર્ચીને પાણીના કેરબા મંગવવા પડે છે. સામાન્યપણે એક ઘરમાં મહિને ૨૦ લિટરના ૩૦ થી ૪૫ કેરબાની જરૂર હોય છે. એક કેરબાનો ભાવ ૨૦ થી ૨૫ રૂ. હોય ત્યારે મધ્યમ વર્ગ પર દર વર્ષે ૧૨ થી ૧૩ હજારનું ભારણ વધતા તેમનું બજેટ ખોરવાઈ જાય છે. શહેરમાં શાહીબાગ, માધુપુરા, ખોખરા સહિતના પાણીના પ્લાન્ટ પરથી દરરોજ હજારો કેરબાનું વેચાણ થાય છે.

એક અંદાજ અનુસાર કોટ વિસ્તારમાં ૬૦ હજારથી વધુ કેરબા લોકો ઘર તથા દુકાને દરરોજ મંગાવે છે. ઉનાળામાં તેમની માંગ ૨૦ થી ૨૫ ટકા વધી જાય છે. આ ગણતરી માંડીએ તો દરરોજ આશરે રૂ.૧૫ લાખ અને વર્ષે રૂ.૫૫ કરોડ જેટલી અધધ રકમ ચૂકવીને કોટના રહેવાસીઓ તથા વેપારીઓ પીવાનું પાણી ખરીદે છે. વેરો ભર્યા બાદ પણ મ્યુનિ. શુદ્ધ પાણી ન આપી શકતું હોવાથી લોકોએ આટલા પૈસા વધારાના ચૂકવવા પડે છે. બીજી બાજુ કેટલાક લોકોને આટલો ખર્ચ ન પરવડતો હોવાથી તેઓ મ્યુનિ. દ્વારા વિતરિત કરાતું દૂષિત પાણી પીવા મજબૂર બને છે. ઉનાળા અને ચોમાસામાં ઝાડા- ઉલટી, કોલેરા વગેરે રોગો ફાટી નીકળતા તેઓ પાણીના કેરબા મંગાવવાનું શરૂ કરે છે. પરંતુ લાંબા સમય સુધી આ વધારાનો ખર્ચ ન પરવડતા ફરી ડહોળું પાણી પીવાની નોબત આવે છે. ક્યારે કોઈ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળે તો સૌથી પહેલાં મ્યુનિ. ખાણીપીણીની લારી તથા દુકાનો સામે લાલ આંખ કરે છે. પરંતુ કેટલીક વખત કોલેરા વગેરે બીમારીઓ લાંબા સમય સુધી મ્યુનિ.ના દૂષિત પાણીના સેવનથી થતી હોય છે. ત્યારે પોતાના અઢાર વાંકા હોવા છતાં તંત્રને તે દેખાતા નથી. જેથી માત્ર દુકાનો અને ઓફિસોમાં જ નહીં, શાકભાજી તથા ખાણીપીણીના લારીધારકોએ પણ હવે કેરબા મંગાવી રહ્યા છે.